**સ્પેશ્યલ દિવાની મુકદમા નંબરઃ-૩૧૧/૨૦૧૫**

**-: આંક-૦૧ લગત હુકમઃ-**

સદર દાવાનું રેકર્ડ વંચાણે લીધું. સદર કામે દાવો દાખલ થયા તારીખથી પ્રોસેસ ફી ભર્યેથી પ્રોસેસ કાઢવાનો હુકમ થયેલ હોવાનું પ્રથમ દર્શનીયરીતે જણાઈ આવે છે. દાવાનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા વાદી કે વાદીના વિધ્વાન વકીલશ્રી હાજર રહેલ નથી કે, નકલો રજુ કરી સમન્સ/નોટીસ કઢાવેલ નથી. આમ, દાવો દાખલ થયા તારીખથી આજદીન સુધી બજવણી ઉપર ચાલે છે પરંતુ વાદી તરફે પ્રતિવાદીઓને સદર દાવાની સમન્સ/નોટીસની બજવણી કરાવવા માટે કોઈ જ અસરકારક કામગીરી કરેલ નથી. આજરોજ વારંવાર પોકાર કરાવતા વાદી કે તેઓના વિધ્વાન વકીલશ્રી હાજર નથી. વાદી તરફે કોઈ મુદત અરજી રજુ નથી. રેકર્ડ ધ્યાને લેતા સદર કેસ ૦૯ વર્ષ કરતા વધું જુનો કેસ છે. વધુમાં દાવાનું રેકર્ડ ધ્યાને લેતા વાદી કે તેઓના વિધ્વાન વકીલશ્રી સદર દાવાની ન્યાયિક કાર્યવાહીમાં છેલ્લા ઘણા સમયથી હાજર રહેલ નથી. આમ, વાદીને સદર દાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ન હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. તે સંજોગોમાં વાદીની ગેરહાજરી અને સદર દાવાની કાર્યવાહી આગળ ન ચલાવવાના કસુર બદલ સદર હાલનો દાવો રદ (ડીસમીસ ફોર ડીફોલ્ટ)કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખઃ-૨૭/૧૧/૨૦૨૪
અમદાવાદ.

**(એન.એ.ગઢવી)**
છઠ્ઠા એડી.સિનીયર સિવીલ જજ,
અમદાવાદ(ગ્રામ્ય),નવરંગપુરા.
કોડ નંબરઃ-જી.જે.૦૧૧૪૧